# ૪ જંગલબુક

H1U4B1

## ચાલો, ગાઈએ ગીતડું :

ભાગો રે ભાઈ, ભાગો !
દફ્ફણ આવ્યું, પફ્ફણ આવ્યું,
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી,
ભાગો રે ભાઈ, ભાગો !

♦ ♦ ♦

અચ્ચર આવે, કચ્ચર આવે,
મોટા મોટા મચ્છર આવે,
હીંચકા ખાઉં તો ચક્કર આવે,
પહાડમાંથી પથ્થર આવે,
સસલાઓનું લશ્કર આવે,
અચ્ચર આવે, કચ્ચર આવે.

## ચિત્રો દોરો :

| મચ્છર | વંદો |
|---|---|




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## જોડો અને લખો :







આ પૂંછડી કૂતરાની છે.























Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in
























Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## જુઓ અને જવાબ લખો :

(૧) તમને કોની પૂંછડી ગમી ?

(૨) કોની પૂંછડી વાંકી છે ?

(૩) સૌથી લાંબી પૂંછડી કોની છે ?

(૪) કેટલાંની પૂંછડીમાં એકથી વધુ રંગો છે ?

(૫) તમે કોની કોની પૂંછડીને અડ્યાં છો ?

- શિક્ષક / વિદ્યાર્થી અહીં ચિત્રમાં આપેલાં પ્રાણીઓના અવાજ કાઢીને સંભળાવે અને વિદ્યાર્થીઓ જૂથમાં તે પ્રાણીનું નામ બોલે એવી રમત રમાડવી. આ પ્રાણીઓ સિવાય વિદ્યાર્થીઓએ આસપાસમાં ક્યાં ક્યાં પ્રાણીની પૂંછડી જોઈ છે તે પૂછો.
- બે-ત્રણ દિવસ પ્રાણીઓનું અવલોકન કરાવો. પ્રાણીઓને પૂંછડી શા માટે હોય છે ? તેઓ તેનો શો શો ઉપયોગ કરે છે વગેરે બાબતો અંગે વર્ગમાં વાતચીત કરો.

## મોટેથી ગાઓ :

- *રૂપાળી છે કળા તેની, ટેહૂંક ટેહૂંક ગાય*
  *ઠમ્મક ઠમ્મક નાચે ત્યારે ઢેલડ રાજી થાય.*
- *કાળું, ધોળું, કાબરચીતરું, લાગે છે બહુ ભોળું*
  *ચણ નાખતાં ચણવા આવે, ઘૂ...ઘૂ...કરતું ટોળું.*
- *દોસ્ત સૌનો શાણો કેવો,*
  *અજાણ્યાને ભસતો*
  *ચોકી કરતો ઘર આંગણે,*
  *કાગડા નિંદર કરતો*



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ઓળખો :



આ પ્રાણીમાં કયું અંગ કોનું છે તે બાળકોને ઓળખવા કહો. ત્યારબાદ લખવા કહો.

ચુંમાળીસ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચિત્ર જોઈને લખો :

૧. મોઢું ________ નું છે.

૨. કાન ________ ના છે.

૩. પૂંછડી ________ ની છે.

૪. ________

૫. ________

૬. આ પ્રાણીનું નામ ________ હોય તો મજા આવે !

• **ચાલો, ગાઈએ ગીતડું :** ભાગો રે ભાઈ, ભાગો ! અચ્ચર આવે, કચ્ચર આવે

## વાર્તા :

### સિંહસાહેબની પૂંછ

એક મોટું જંગલ હતું. જંગલનો રાજા સિંહ હતો. જાતે શિકાર કરે, ભરપેટ જમે અને બાકી વધ્યું હોય એ એક શિયાળ ખાય. શિયાળને પણ મજા આવી ગઈ હતી. કશું કરવાનું નહીં, તો પણ જમવાનું મળી જાય.

સિંહ ઘરડો થઈ ગયો. હવે જાતે શિકાર કરીને ખાવા જેટલી શક્તિ જ નહોતી. સિંહ અને શિયાળ ત્રણ-ચાર દિવસથી ભૂખ્યાં હતાં.

એક દિવસ શિયાળે જોયું કે દૂરથી એક સસલો આવતો હતો. શિયાળે સિંહને



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સમજાવ્યું કે, 'તમે થોડીક વાર મરવાનું નાટક કરો તો સસલાનો શિકાર કરી શકાય એમ છે.' શિયાળની વાત માનીને સિંહ હાલ્યા-ચાલ્યા વગર પડી રહ્યો. શિયાળ તો ખોટુંખોટું રોતું જાય અને સિંહ પર સૂકાં પાંદડાં નાખતું જાય. સસલાએ આવીને પૂછ્યું, "આ શું કરો છો, શિયાળભાઈ ?"

"દેખાતું નથી ? સિંહરાજા મરી ગયા છે. તું પણ અહીં આવ અને રાજાજીને દાટવામાં મને મદદ કર."

સસલાને થયું કે મરેલા સિંહ માટે શિયાળભાઈ દુ:ખી થાય એવા નથી. નક્કી કંઈક ગરબડ લાગે છે. સસલો થોડીવાર સુધી પડેલા સિંહને બરાબર જોતો રહ્યો અને શિયાળને કહ્યું, "તમારી કંઈક ભૂલ થાય છે. સિંહ મરી જાય એટલે એનું ફક્ત શરીર અક્કડ થઈ જાય પણ એની પૂંછડી તો હલે. જુઓ, સિંહરાજાની પૂંછડી તો જરાય હલતી નથી." ખોટું ખોટું સૂતેલા સિંહે આ વાત સાંભળી એટલે એણે તરત જ પૂંછડી હલાવી. સસલાને સાચી વાતની ખબર પડી કે તરત જ એ તો ત્યાંથી ભાગ્યો.

સિંહ અને શિયાળ ફરીથી કોઈકને ફસાવવાની રાહ જોતાં બેઠા રહ્યા.

## વાતચીત :

- આ વાર્તામાંથી જે શબ્દો યાદ રહ્યા હોય તે શબ્દો બોલો.
- શિયાળ અને સસલું જે બોલ્યા હોય તેમની જેમ અવાજ કાઢી બોલો.
- સૌથી હોશિયાર કોણ લાગે છે ?
- તમારે કોના જેવું થવું છે ?

## 'હા' કે 'ના' લખો :

(૧) શિયાળ જંગલનો રાજા છે. ☐

(૨) શિયાળ શિકાર કરીને ખાય છે. ☐

(૩) સિંહ અને શિયાળને બહુ જ ભૂખ લાગી હતી. ☐

(૪) શિયાળ સસલાને મળવા જાય છે. ☐



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(૫) સિંહ ભૂખથી મરી ગયો તેથી શિયાળ ખૂબ રડે છે. ☐

(૬) સસલો સિંહને જોઈને ભાગી જાય છે. ☐

(૭) શિયાળ સિંહની પૂંછડી હલાવે છે. ☐

(૮) સિંહ અને શિયાળ સસલાને ખાઈ જાય છે. ☐

## વાક્યો પૂરાં કરીને બોલો :

- એક મોટું .................................. હતું.
- સિંહ બહુ જ ..................................
- શિયાળે જોયું કે દૂરથી ...............................
- તમારી કંઈક ..................................

## લખો :

(૧) કોણ ઘરડું થઈ ગયું હતું ? સિંહ

(૨) શિયાળ સિંહ પર શું નાખતો હતો ?

(૩) કોની વાત સાંભળી સિંહે પૂંછડી હલાવી ?

(૪) કોનામાં શક્તિ ન હતી ?

(૫) નાટક કરવાનું કોણે કહ્યું ?

(૬) સિંહ મર્યો નથી તેની ખબર કોને હતી ?

(૭) સિંહની હલતી પૂંછડી કોણે જોઈ ?

(૮) સાચી વાતની ખબર કોને પડી ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ક્રમમાં ગોઠવો :

દરેક વાક્ય બે વખત વાંચો, વંચાવો ને પછી પૂછો : સૌથી પહેલાં શું થયું હતું ? તે પછી ? તે પછી ?... ને છેલ્લે શું થયું ? પછી બધાં વાક્યો ક્રમમાં બોલાવો.

(૧) ખોટેખોટું સૂતેલા સિંહે પૂંછડી હલાવી.

(૨) શિયાળે સસલાનો શિકાર કરવા માટે યુક્તિ કરી.

(૩) સસલાએ કહ્યું કે મરેલા સિંહની પૂંછડી તો હલે.

(૪) શિયાળે રડતાં રડતાં સિંહ પર પાંદડાં નાંખ્યાં.

(૫) સસલાને ખબર પડી ગઈ કે સિંહ જીવે છે.

## ‘સિંહસાહેબની પૂંછ’ વાર્તામાંથી પાંચ વાક્યોનું શ્રુતલેખન કરાવો :



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

તમારો, મમ્મીનો અને પપ્પાનો અથવા વડીલોનો અંગૂઠો છાપો. દરેક પરથી ચિત્ર બનાવો :



વાતચીત :

**નીચે જેવા પ્રશ્નો પૂછો.**

(૧) પહેલા ખાનામાં શું બનાવ્યું છે ?

(૨) ઢીંગલી / પતંગિયું કોણે બનાવ્યું છે ?

(૩) બીજા ખાનામાં શું બનાવ્યું છે ?

(૪) કયું ચિત્ર બનાવવાની સૌથી વધારે મજા આવી ?

(૫) તમારા મિત્રએ બનાવેલાં ચિત્ર જુઓ. જેણે તમને ગમતાં ચિત્ર બનાવ્યાં હોય તેવા બે મિત્રોનાં નામ લખો :



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## શિક્ષક વંચાવે તેમ મોટેથી વાંચો :

આપેલ શબ્દ વિદ્યાર્થીઓને નાનો-મોટો, તીણો-જાડો વગેરે અવાજ કાઢીને બોલાવો. વચ્ચેના અક્ષરનો ઉચ્ચાર સ્પષ્ટ થાય તે જુઓ.

| આખો બોલો | અડધો બોલો |
| --- | --- |
| ડબબો | ડબ્બો |
| ઝભભો | ઝભ્ભો |
| અપપુ | અપ્પુ |
| ગપપું | ગપ્પું |
| પથથર | પથ્થર |
| અધધર | અધ્ધર |
| મુનની | મુન્ની |
| ખિલલી | ખિલ્લી |
| બિલલી | બિલ્લી |
| ખિસસું | ખિસ્સું |

## ‘સિંહસાહેબની પૂંછ’ વાર્તામાંથી આવા અડધા અક્ષરવાળા શબ્દો શોધીને લખો :

ભાગ્યો




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ગીત ગાઓ :

પેલાં ચકલીબાઈએ માળા બાંધ્યા ઢંગ વગરના.....
પેલા દરજીડા ને સુગરીબાઈના કેવા મજાના
પેલાં ચકલીબાઈએ...
ઝાડે ખિસકોલીએ માળા બાંધ્યા રૂના રેસાના
કાબર કબૂતર ને ઘુવડ વળી કાગડા કોયલના
પેલાં ચકલીબાઈએ...
પેલા ઉંદરભાઈએ દર ખોદ્યાં કેવાં મજાનાં
સાપે પેસી જઈને રાફડા કર્યા હક વગરના
પેલાં ચકલીબાઈએ...
કીડી મકોડીએ દરનાં કર્યાં નગર મજાનાં
પેલા વાંદરાભાઈ તો રખડ્યા કરે ઘર વગરના,
પેલાં ચકલીબાઈએ...







## આ ગીતની તમને ગમતી બે લીટીઓ અહીં સારા અક્ષરે લખો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## લખો :

ઉંદર ______ માં રહે.

સાપ ______ માં રહે.

સુગરી ______ માં રહે.

કીડી ______ માં રહે.

ચકલી ______ માં રહે.

## લખ્યું છે એમ લખો :

| | | | |
|---|---|---|---|
| વાંદરો | ખિસકોલી | ચકલી | કીડી |
| કાગડો | ઉંદર | સુગરી | મંકોડો |


## અમને જોડો અને જીવતાં કરો :

૧.

૨.

૩.

૪.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૧.  

૨.  

૩.  

૪.  

૧.  

૨.  

૩.  

૪.  



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

• ચાલો, ગાઈએ ગીતડું : ભાગો રે ભાઈ, ભાગો ! અચ્ચર આવે, કચ્ચર આવે

## વાતચીત :

વિદ્યાર્થીઓને પક્ષીઓ, પ્રાણીઓ અને જંતુઓ ક્યાં રહે છે તેનું અવલોકન કરીને આવવા કહો. તેમને ઇન્ટરનેટ પર પશુ, પક્ષી, જીવજંતુનાં રહેઠાણો બતાવો અને નીચે જેવા પ્રશ્નો પૂછી ચર્ચા કરો.

૧. તમે કીડી / કરોળિયો / વંદો / ગરોળી ક્યાં જોયાં છે ?
૨. કબૂતરને જીભ હોય ?
૩. કયાં પ્રાણીઓ જીભેથી ચાટીને પાણી પીએ છે ?
૪. ગાય / ભેંસ / વાઘ / સિંહ / દીપડો / ગરોળી / ઉંદર / વાંદરા વગેરે કેવી રીતે પાણી પીએ ? દરેકનો અભિનય કરી બતાવો.

## શબ્દ અંતાક્ષરી રમીએ.

વિદ્યાર્થીઓને નીચેના શબ્દોનું ઝીલવાચન કરાવીને ઉદાહરણ મુજબ એક શબ્દ પરથી ચાર શબ્દ સુધી લખવા કહો. ત્યારબાદ તેમણે લખેલા શબ્દો વારાફરતી મોટેથી વંચાવો.

| | | | | |
|---|---|---|---|---|
| અચ્ચર : | રમકડું | ડુંગર | રસોઈ | ઈયળ |
| ૧. ભક્ત : | ત | | | |
| ૨. ડબ્બો : | બો | | | |
| ૩. ઍરોપ્લેન : | ન | | | |
| ૪. ફટાક : | ક | | | |
| ૫. બિલ્લી : | લી | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

રંગબેરંગી ક્ષ, જ્ઞ, શ્ર, ઋ, રૂ વડે ચિત્રોમાં રંગ પૂરો.




● ચાલો, ગાઈએ ગીતડું : ભાગો રે ભાઈ, ભાગો ! અચ્ચર આવે, કચ્ચર આવે



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in